RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 197 * Date: 08.05.2025,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ગુજરાતમાં બ્લેકઆઉટ મોક ડ્રીલ યોજાઈ, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે તમામ લાઈટો કરાઈ બંધ



પહલગામ આતંકી હુમલાની ઘટના બાદ ભારતે 'ઓપરેશન સિંદૂર' ચલાવીને જડબાતોડ જવાબ આપ્યો છે. ત્યારે ગુજરાત સહિત દેશભરના અનેક રાજ્યોમાં બ્લેકઆઉટ શરૂ થઈ ચૂક્યું છે. રાજ્યના અલગ અલગ સમયે ક્ષેત્ર પ્રમાણે ૭:૩૦ વાગ્યાથી તબક્કાવાર બ્લેકઆઉટનું આયોજન કરાયું છે. પૂર્વ ગુજરાતના ૭ જિલ્લા (ડાંગ, ભરૂચ, નવસારી, નર્મદા, સુરત, વડોદરા)માં ૭:૩૦ થી ૮:૦૦ કલાક સુધી, પશ્ચિમ ગુજરાતના ૫ જિલ્લા (જામનગર, કચ્છ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ અને મોરબી)માં ૮:૦૦ થી ૮:૩૦ કલાક સુધી, મધ્ય ગુજરાતના ૬ જિલ્લામાં (બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ભાવનગર, ગાંધીનગર અને અમદાવાદ)માં ૮:૩૦ થી ૯:૦૦ વાગ્યા સુધી બ્લેક આઉટનું આયોજન કરાયું છે. આ અગાઉ રાજ્યના વિવિધ સ્થળોએ મોક ડ્રીલ પણ યોજાઈ હતી, જે દરમિયાન લોકોને યુદ્ધની સ્થિતિમાં શું કરવું તેની માહિતી આપવામાં આવી હતી.ત્યારે ઓપરેશન અભ્યાસ અંતર્ગત સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે મોક ડ્રીલ યોજવામાં આવી હતી. મોક ડ્રીલ બાદ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે બ્લેક આઉટ પણ કરવામાં આવ્યું હતું. સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં તમામ લાઈટો બંધ કરી દેવામાં આવી છે.

## હાથમતી નદી બે કાંઠે વહેતી થઈ



વિજયનગર તાલુકાની ચિઠોડા ની હાથમતી નદી બંને કાંઠે વહેવા માંડી વાવાઝોડાના કારણે અને ઉપરવાસમાં વરસાદ થવાથી હાથમતી નદી બંને કાંઠે વહી છે. જાણે કે ચોમાસા જેવો માહોલ થઈ ગયો હોય એવું જોવા મળ્યું છે.

## જૂનાગઢ તાલુકાના મજેવડી ગામે થયેલ હત્યાના ગુન્હાના ત્રણ આરોપીઆ ઝડપાયા




જૂનાગઢ તાલુકાના મજેવડી ગામે થયેલ હત્યાના ગુન્હામાં ફરિયાદી ઈરમાનભાઈ અલ્લારખાભાઈ ભટ્ટી (રહે. મજેવડી ગામ) દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આરોપી સદામ કાસમભાઈ શેખ સાથે મૃતક રિયાઝ ઉંમર ૨૫ વર્ષ વચ્ચે જૂના ઝઘડાની ખાવટ હોઈ, આરોપીએ પૂર્વ આયોજિત કાવતરું રચી અને પોતાના સાથીઓ સમીર સલીમ ઉર્ફે ચકો હોથી તથા મનીષ ઉર્ફે ભોથીયો પરમાર સાથે મળીને હુમલો કર્યો હતો.૩ મે ૨૦૨૫ના રોજ મજેવડી ગામ ખાતે પુલીયા પાસે રાતે મૃત્યુ પામનાર રિયાઝ તથા સાહેદ ઈરમાઈલ ઉપર લોખંડના પાઈપ, તલવાર અને કુહાડી વડે હુમલો કરીને ગંભીર ઈજાઓ કરાઈ હતી, જેના પરિણામે રિયાઝનું ઘટનાસ્થળે મૃત્યુ થયું હતું. હુમલા બાદ આરોપીઓ ત્યાંથી ફરાર થઈ ગયા હતા.જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પો.ઈન્સ્પેકટર શ્રી જે.જે. પટેલના માર્ગદર્શન હેઠળ ટીમે ખાનગી બાતમીના આધારે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. તલીયાધર સીમ વિસ્તારમાં છુપાયેલા ત્રણેય આરોપીઓને પકડવામાં સફળતા મળી અને આરોપીઓને જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના હવાલે કરવામાં આવ્યા છે.અટક કરાયેલા આરોપીઓમાં

(૧) સદામ કાસમભાઈ શેખ, ઉ.વ. ૩૦ વર્ષ, રહે. મજેવડી ગામ, રામમંદિર રોડ, પાણીના ટાંકા પાસે, જુનાગઢ.(૨) સમીર સલીમ ઉર્ફે ચકો મહમદભાઈ હોથી, ઉ.વ. ૧૯ વર્ષ, રહે. મજેવડી ગામ, પત્રાપસાર રોડ, ગોપાલ મિલની પાછળ, જુનાગઢ.(૩) મનીષ ઉર્ફે ભોથીયો ખોડાભાઈ પરમાર, અનુ.જાતિ, ઉ.વ. ૨૩ વર્ષ, રહે. ખાટલી ગામ, રામપીરના મંદિર પાસે, જામકંડોરણા, જી. રાજકોટ.નો સમાવેશ થાય છે.-

## જૂનાગઢમાં ગેસ લાઇન ફાટતાં આગ, ૩ના મોત



જૂનાગઢ શહેરના ઝાંઝરડા રોડ પર આજે વહેલી સવારે અંડરગ્રાઉન્ડ ગેસ પાઈપલાઈન ફાટતાં ભયંકર આગ ફાટી નીકળી હતી, જેમાં ત્રણ લોકોના મોત થયા અને પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.મેળતી માહિતી મુજબ, ઝાંઝરડા રોડ પર કોઈપણ અધિકૃત મંજૂરી વિના JCB મારફતે ખાડો ખોદાતો હતો ત્યારે ગેસ લાઈનને નુકસાન થતાં અચાનક સ્પાર્ક થયો અને જોરદાર વિસ્ફોટ થયો. આગ ફાટતાં આસપાસની ફાસ્ટફૂડ સેન્ટરો, લારીઓ અને પાનગલ્લા ધરાશાયી થયા. આગે ઝડપથી વિકરાળ સ્વરૂપ ધારણ કરતાની સાથે ત્રણ લોકોનું મોત થયું છે અને પાંચ લોકોને ગંભીર દાઝ સાથે તાત્કાલિક જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે.મૃતકોમાં રુપીબેન સોલંકી, ભક્તિબેન સોલંકી અને હરેશભાઈ રાબડીયાનો સમાવેશ થાય છે. આગ લાગી એ સમયે આસપાસ ભારે ભીડ હતી જેને ફાયર વિભાગ અને પોલીસ દ્વારા ખાલી કરાવવામાં આવી હતી. આગને કાબૂમાં લેવા માટે ફાયરના દળોએ મોટેપાયે પ્રયાસો હાથ ધર્યા હતા.આકસ્મિક ઘટના થતા જિલ્લા કલેક્ટર સહિત ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. રાહત કાર્ય સુચારી રીતે ચાલે અને જનમેળો ન થાય તે માટે ઝાંઝરડા ચોકડી તરફ જતા રસ્તાઓ પણ તાત્કાલિક બંધ કરવામાં આવ્યા હતા. PGVCLના લાઇનમેન મુજબ, ખોદકામ પૂર્વે PGVCLને કોઈ જાણ કરવામાં આવી નહોતી. ખોદકામ દરમિયાન ગેસ પાઈપ લાઈનને નુકસાન પહોંચતાં આગ લાગી હતી. નોંધનીય છે કે ગઈકાલે પણ મધુરમ ચોકડી વિસ્તારમાં ગેસ લીકેજની ઘટના બની હતી જેમાં પણ મંજૂરી વગરનું કામ થતું હોવાનું સામે આવ્યું હતું.

## ખડોલ ગામના નર્મદાનગર પ્લોટ વિસ્તારમાં પાણી મુદ્દે રજૂઆત



ઉનાળાની ઋતુ ચાલી રહી છે.ગરમીના માહોલ વચ્ચે ખડોલ ના નર્મદા નગર પ્લોટ વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા ઉભી થતાં સ્થાનિકોએ આ મુદ્દે ગામ પંચાયત થી લઈને પ્રાંત અધિકારી સુધી રજૂઆતો કરી હોવા છતાં તંત્ર દ્વારા દુર્લક્ષ સેવવામાં આવતા સ્થાનિકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.ત્યારે આજે સ્થાનિકો પ્રાંત કચેરીએ પહોચી અધિકારીને લેખિતમાં રજૂઆત કરી તાકીદે પાણીનો જટીલ પ્રશ્ન હલ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.


## ઓપરેશન સિંદૂર બાદ NSA ડોભાલ એક્શન મોડમાં, US-UK અને ચીન સહિત અનેક દેશો સાથે સંપર્કમાં



ભારતે પહલગામ આતંકી હુમલાનો ઓપરેશન સિંદૂર દ્વારા જડબાતોડ જવાબ આપ્યો છે. PoKમાં મોડી રાત્રે એર સ્ટ્રાઈક કરી ભારતીય સેનાએ ૯ જગ્યાએ આતંકવાદી ઠેકાણા પર હુમલો કર્યો હતો. આ ઓપરેશન બાદ દુનિયાભરથી પ્રતિક્રિયા સામે આવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વરિષ્ઠ ભારતીય અધિકારીઓએ અનેક દેશોના સમકક્ષ સાથે વાત કરી છે.

ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને PoKમાં આતંકીઓના ઠેકાણા પર કરવામાં આવેલા હુમલાની જાણકારી ભારતે અનેક દેશોને આપી છે. ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજીત ડોભાલે અનેક દેશોના NSA સાથે વાત કરી છે. અજીત ડોભાલે બ્રિટનના NSA જોનાથન પૉવેલ, સાઉદી અરબના NSA મુસૈદ અલ એબન, UAE NSA એચ.એચ. શેખ તહેનૂન અને મહાસચિવ અલી અલ શમ્સી તેમજ જાપાનના NSA મસાટાકા ઓકાનો સાથે વાતચીત કરી છે. ડોભાલે રશિયાના NSA સર્ગેઈ શોઈગુ, ચીનના વિદેશ મંત્રી વાંગ યી અને ફ્રાન્સી રાષ્ટ્ર પ્રમુખના રાજકીય સલાહકારને પણ ફોન કરી આ મામલે જાણકારી આપી છે.ભારતે જણાવ્યું કે, અમે પાકિસ્તાનમાં આતંકી ઠેકાણા પર હુમલો કર્યો છે. પાકિસ્તાનની સેના અને સામાન્ય જનતા પર હુમલો કરવામાં નથી આવ્યો. જો પાકિસ્તાન કોઈ કાર્યવાહી કરે છે તો ભારત દ્રઢતાથી તેનો જવાબ આપવા માટે તૈયાર છે.ભારતીય સેનાએ રાત્રે આશરે ૧:૦૫થી ૧:૩૦ વાગ્યા સુધી ઓપરેશન સિંદૂરને લોન્ચ કર્યું હતું. જે હેઠળ લાહોરમાં આતંકવાદી હાફઝ સઈદ અને બહાવલપુરમાં આતંકવાદી મસૂદ અઝહરના અનેક ઠેકાણા તબાહ કરી દેવાયા હતાં.

## આજે રાજ્યના ૧૦ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી, ૬૦-૭૦ની ઝડપે પવન ફૂંકાશે



ગુજરાતમાં ભરઉનાળે છેલ્લા ત્રણ-ચાર દિવસથી રાજ્યના અનેક વિસ્તારોમાં મેઘગર્જના અને પવન ફૂંકાવવાની સાથે ભારેથી અતિભારે કમોસમી વરસાદ પડી રહ્યો છે. રાજ્યના અનેક જિલ્લામાં ધોધમાર વરસાદને પગલે પાણી ભરાયા હતા. જ્યારે માવઠું થતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આજે બુધવારે અમરેલી અને ભાવનગરમાં રેડ ઍલર્ટ, રાજકોટ, બોટાદ, આણંદ, અમદાવાદ, ભરૂચ, વલસાડમાં ઑરેન્જ એલર્ટ અને જૂનાગઢ, ગીર સોમનાથ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, ખેડા, વડોદરા, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી જિલ્લામાં યલો ઍલર્ટ જાહેર કર્યું છે, ત્યારે આગામી ૨૪ કલાકમાં અમદાવાદ, અમરેલી, આણંદ, ભાવનગર, વલસાડ જિલ્લામાં વીજળીના કડાકા અને ૬૦-૭૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. જ્યારે આજે ગુરુવારે ૧૦ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે કમોસમી વરસાદની આગાહી છે.

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી કમોસમી વરસાદ પડી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગ હજુ માવઠાની આગાહી કરી છે. જેમાં આવતીકાલે ગુરુવારે (૮ મે, ૨૦૨૫) ૧૦ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે કમોસમી વરસાદની આગાહી છે, ત્યારે રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, આણંદ, ભરૂચ, વલસાડ, મહીસાગર, અરવલ્લી, સાબરકાંઠા જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ મેઘગર્જના સાથે ભારે વરસાદની આગાહીને પગલે યલો ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યભરમાં ૫૦-૬૦ કિ.મી.ની સ્પિડે ભારે પવન ફૂંકાવવાની આગાહી છે.

### તંત્રી લેખ....

## ડિજિટલ પેમેન્ટસમાં વધારાની સાથે રોકડ હાથમાં રાખવાની વૃત્તિ ઊંચી

દેશમાં ડિજિટલ પેમેન્ટસ પદ્ધતિમાં વધારાની સાથોસાથ રોકડ હાથમાં રાખવાની વૃત્તિ પણ હજુ ચાલુ રહ્યાનું જોવા મળી રહ્યું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે સમાપ્ત થયેલા નાણાં વર્ષ ૨૦૨૫માં દેશમાં બેન્ક ખાતેદારોએ એક એટીએમ દીઠ સરેરાશ રૂપિયા ૧.૩૦ કરોડ કાઢયા હતા.એટીએમમાંથી સૌથી વધુ નાણાં ઉત્તર ભારતના રાજ્યોમાં વિથડ્રો થયાનું પ્રાપ્ત માહિતીમાં જણાવાયું છે. ગત નાણાં વર્ષમાં બિહાર, નવી દિલ્હી તથા ઉત્તર પ્રદેશ આ ત્રણ રાજ્યોમાં એટીએમમાંથી સૌથી વધુ નાણાં કઢાવાયા હતા. એટીએમમાંથી નાણાં કઢાવવામાં વધારો થવાનો અર્થ દેશમાં લોકો હજુપણ રોકડા રૂપિયા માટેનું આકર્ષણ જળવાઈ રહ્યું છે. રિટેલ, નાના વેપાર વ્યવહાર તથા રોજબરોજની ખરીદ પ્રવૃત્તિ માટે મોટી સંખ્યાના લોકો આજેપણ રોકડમાં ચૂકવણી કરવાનું પસંદ કરે છે.નાણાં વર્ષ ૨૦૧૭માં એટીએમ દીઠ વાર્ષિક સરેરાશ રૂપિયા ૧.૦૨ કરોડ કઢાવાયા હતા જે આંક હવે વધી રૂપિયા ૧.૩૦ કરોડ પહોંચી ગયો છે. એટીએમમાંથી નાણાં કઢાવવામાં આઠ ટકા સાથે ગત નાણાં વર્ષમાં સૌથી વધુ વાર્ષિક વૃદ્ધિ બિહારમાં થઈ છે. ૪ ટકા સાથે બીજા ક્રમે નવી દિલ્હી અને ઉત્તર પ્રદેશ રહ્યા છે જ્યારે હિમાચલ પ્રદેશમાં ૩ ટકા અને છત્તીસગઢમાં બે ટકા વધારો જોવા મળ્યો છે.૨૦૧૪ થી ૨૦૨૪ના દસ વર્ષમાં એટીએમની સંખ્યામાં ૩૨ ટકા વધારો થયો છે અને કરન્સી ઈન સર્ક્યુલેશન ૧૫૭ ટકા વધી હોવાનું રિઝર્વ બેન્કના ડેટામાં તાજેતરમાં જણાવાયું હતું. દરમિયાન ગત નાણાં વર્ષમાં યુનિફાઈડ પેમેન્ટસ ઈન્ટરફેસ (યુપીઆઈ) મારફત ૧૮૫૦૦ કરોડ વ્યવહાર પાર પડયા હતા જે વાર્ષિક ધોરણે ૪૧ ટકા વધુ હતા. મૂલ્યની દ્રષ્ટિએ કુલ રૂપિયા ૨૬૦ લાખ કરોડની ચૂકવણી યુપીઆઈ પ્લેટફોર્મ મારફત પાર પડી હતી હતી જે નાણાં વર્ષ ૨૦૨૩-૨૪ની સરખામણીએ ૩૦ ટકા વધુ છે.

### ૮ મે - આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસ

# થેલેસેમિયા નાબૂદી માટે સમગ્ર દેશમાં શ્રેષ્ઠ કામ કરી અન્ય રાજ્યો માટે ગુજરાત બન્યું રોલ મોડલ સ્ટેટ

૮મી મે એટલે થેલેસેમિયા જેવી જીવલેણ બીમારી અંગે નાગરિકોને જાગૃત કરવા માટેનો ''આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસ''. થેલેસેમિયા એક અસાધ્ય વારસાગત રક્ત વિકાર રોગ છે, જે શરીરમાં હિમોગ્લોબીનના નિર્માણ ઉપર સીધી અસર કરે છે. લોકજાગૃતિ થકી આ ભયાવહ રોગના પ્રમાણમાં ઘટાડો આવે તેમજ આ રોગ વિશે નાગરિકોની અજ્ઞાનતા દૂર થાય તે માટે દર વર્ષે ૮મી મે ના રોજ આ વિશેષ દિવસની ઉજવણી કરવામાં આવે છે. કોઈપણ માતા-પિતા પોતાના સંતાનને લોહીની બોટલના બંધનમાં ફસાયેલા જોવા નથી માંગતા, પરંતુ થેલેસેમિયા જેવા વારસાગત રક્ત વિકાર રોગ અંગેની જાગૃતતાનો અભાવ હોવાથી વિશ્વભરમાં અનેક બાળકો થેલેસેમિયા જેવા જીવલેણ રોગ સાથે જ જન્મે છે.

આજે દેશ-દુનિયા સહિત ગુજરાત રાજ્ય પણ થેલેસેમિયા જેવી અસાધ્ય બીમારીને જડ-મૂળથી નાબૂદ કરવાની દિશામાં કામ કરી રહ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર વિવિધ સંસ્થાઓ સાથે મળીને થેલેસેમિયા અંગે લોકજાગૃતિ કેળવવાનું કામ કરી રહી છે. મોટાભાગના લોકો થેલેસેમિયા અંગે અજાણ હોવાથી તેમના મનમાં સૌથી પ્રથમ એક જ પ્રશ્ન ઉભો થાય કે, થેલેસેમિયા શું છે અને આ રોગ ગંભીર કેમ છે?...તો આવો આજે વિસ્તારપૂર્વક જાણીએ થેલેસેમિયા રોગ અંગેની કેટલીક મહત્વપૂર્ણ વાતો.

થેલેસેમિયા શું છે?

થેલેસેમિયા એક આનુવંશિક રોગ છે, જેમાં શરીર પૂરતા પ્રમાણમાં હિમોગ્લોબીન બનાવવામાં નિષ્ફળ જાય છે. સામાન્ય રીતે આપણા લોહીમાં લાલ રક્ત કણમાં હિમોગ્લોબીન નામનું એક પ્રોટીન હોય છે, જે માનવ શરીરના દરેક અંગો સુધી ઓક્સીજન પહોંચાડવાનું કામ કરે છે. આપણે જે ખોરાક લઈએ તેમાંથી લોહતત્વ મળે છે અને હાડકા વચ્ચે રહેલી અસ્થિમજ્જા (બોનમેરો) આ લોહતત્વને હિમોગ્લોબીનમાં રૂપાંતર કરવાનું કામ કરે છે.

થેલેસેમિયાગ્રસ્ત વ્યક્તિની અસ્થિમજ્જાથી લોહતત્વનું હિમોગ્લોબીનમાં રૂપાંતર થઇ શકતું નથી. પરિણામે શરીરના અન્ય અવયવોને પૂરતા પ્રમાણમાં ઓક્સીજન મળી શકતો નથી અને અવયવોની કાર્યક્ષમતા ઘટે છે. થેલેસેમિયાગ્રસ્ત વ્યક્તિના શરીરના અવયવો નબળા પડતા અંતમાં તેમણે અનેક સમસ્યાઓ અને બીમારીઓનો સામનો કરવો પડે છે.




થેલેસેમિયાના પ્રકાર-

થેલેસેમિયા સામાન્ય રીતે બે પ્રકારનો હોય છે, થેલેસેમિયા માઈનર અને થેલેસેમિયા મેજર. માતા-પિતામાંથી કોઈપણ એકના રંગસૂત્રોમાં રહેલી ખામી કે વિકૃતિ બાળકમાં આવે, ત્યારે તે થેલેસેમિયા માઈનરનો શિકાર બને છે. જ્યારે, માતા-પિતા બંનેના રંગસૂત્રોમાં રહેલી ખામી કે વિકૃતિ બાળકમાં આવે ત્યારે તે થેલેસેમિયા મેજરનો શિકાર બને છે.

૧. થેલેસેમિયા માઈનરઃ થેલેસેમિયા માઈનરને થેલેસેમિયા કેરિયર અથવા થેલેસેમિયા વાહક પણ કહેવામાં આવે છે. થેલેસેમિયા માઈનરના રંગસૂત્રોમાં ખામી કે વિકૃતિ હોય છે, પણ તેમાં કોઈ વિકાર ન હોવાથી સામાન્યતઃ તેઓ સ્વસ્થ અને લક્ષણમુક્ત હોય છે. એટલે કે, બહારથી તંદુરસ્ત દેખાતો કોઈપણ વ્યક્તિ થેલેસેમિયા માઈનર હોઈ શકે છે, તમે પણ.

ભારતમાં આશરે ૪ કરોડથી વધુ લોકો થેલેસેમિયા કેરિયર છે. જેમાં ૧૦ માંથી ૮ લોકોને તો ખબર પણ નથી હોતી કે તેઓ થેલેસેમિયા કેરિયર છે. એટલા માટે જ, થેલેસેમિયાનો ટેસ્ટ કરાવવો એ કોઈપણ વ્યક્તિના જીવન અને તેના પરિવારના ભવિષ્ય માટે સૌથી મહત્વપૂર્ણ નિર્ણય હોય છે.

૨. થેલેસેમિયા મેજરઃ થેલેસેમિયા માઈનર એક રોગ નહિ પણ રંગસૂત્રોની વિકૃતિ છે, જ્યારે થેલેસેમિયા મેજર એક જીવલેણ રોગ છે. જો પતિ-પત્ની બંને થેલેસેમિયા માઈનર હોય તો તેમના સંતાન થેલેસેમિયા મેજર હોવાની શક્યતાઓ ૨૫ ટકા જેટલી હોય છે. આ ઉપરાંત પતિ-પત્ની બંનેમાંથી કોઈ એક થેલેસેમિયા મેજર હોય તો પણ બાળક થેલેસેમિયા મેજર જન્મે તેની શક્યતાઓ વધી જાય છે.

થેલેસેમિયા મેજરગ્રસ્ત વ્યક્તિ એનીમિયા જેવી અનેક ગંભીર સમસ્યાઓથી પીડિત હોય છે. ભારતમાં દર વર્ષે આશરે ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ બાળકો થેલેસેમિયા મેજર સાથે જન્મે છે. સામાન્ય રીતે થેલેસેમિયા મેજરના શરીરમાં લોહીની ઉણપના કારણે તેમને દર ૨ અઠવાડિયાના અંતરે નિયમિત લોહી ચડાવવું પડે છે, તો જ તે બચી શકે છે. થેલેસેમિયા મેજરગ્રસ્ત બાળકોને જીવનભર સારવારની જરૂર પડે છે.

થેલેસેમિયાને અટકાવવા શું કરી શકાય?

હિમોગ્લોબીનોપેથેજીસ કમિટી ઓફ ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત બ્રાન્ચના ચેરમેન ડો. અનિલ ખત્રી જણાવે છે કે, થેલેસેમિયા મેજરને નિવારવા માટે બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ ઉપરાંત અન્ય કોઈ કાયમી ઈલાજ નથી. થેલેસેમિયાને જડમૂળથી જ નાબૂદ કરવા માટે દરેક વ્યક્તિએ લગ્ન પહેલા અથવા ગર્ભ ધારણ કરે તે પહેલા જ થેલેસેમિયા માઈનરનો ટેસ્ટ કરાવવો જોઈએ. જો ટેસ્ટમાં થેલેસેમિયા માઈનર પોઝીટીવ આવે તો અન્ય થેલેસેમિયા માઈનર પાત્ર સાથે લગ્ન કરવાનું ટાળવું જોઈએ. અજાણતા લગ્ન થઇ જાય તો પણ, ગર્ભાવસ્થા દરમિયાન ગર્ભસ્ત શિશુનો ટેસ્ટ કરાવી લેવો જોઈએ. જો શિશુ મેજર હોય તો કાયદાકીય ગર્ભપાત કરાવવું હિતાવહ છે.

થેલેસેમિયા નિવારણ માટે દેશમાં શ્રેષ્ઠ કામગીરી કરતુ ગુજરાત..!!!

ગુજરાતમાંથી થેલેસેમિયાને જડ-મૂળથી નાબૂદ કરવા માટે ગુજરાત સરકાર છેલ્લા ૧૫ વર્ષથી શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે. આ ક્ષેત્રે ગુજરાત અનેક નવતર પહેલો અને સુદ્રઢ આયોજન સાથે અન્ય રાજ્યો માટે રોલ મોડલ બન્યું છે. રાજ્યની તમામ સરકારી હોસ્પિટલો ખાતે આવતી ગર્ભવતી મહિલાઓના થેલેસેમિયા ટેસ્ટ રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે કરવામાં આવે છે.સમુદાય આધારિત લોકજાગૃતિ કેળવવાનું નવતર અભિયાનગુજરાત સરકાર દ્વારા થેલેસેમિયા નિવારણ માટે અનેક વિશેષ પહેલ કરવામાં આવી છે. આવી જ એક વિશેષ પહેલ છે - ૩ સ્તરે થેલેસેમિયા સ્ક્રીનીંગ. ભારત સરકાર, નેશનલ હેલ્થ મિશન અને વિવિધ સેવાભાવી સંસ્થાઓની મદદથી રાજ્ય સરકારે યુનિવર્સિટી લેવલે જ વિદ્યાર્થીઓનું થેલેસેમિયા સ્ક્રીનીંગ કરવામાં આવી રહ્યું છે.

# જાપાન ટૂર દિવસ : 3





યોકોહોમા બે હોટલ ફોર સ્ટાર હોટલ હતી . અમને ત્યાં ખૂબ સુંદર સગવડતાઓ મળી . એપ્રિલ ૧ ના રોજ અમે સવારે નાસ્તો કરી અમે યુએનો પાર્ક ગયા . આ પાર્ક ૧૮૭૩ માં સ્થપાયેલ યુએનો જિલ્લામાં આવેલો છે. તે દેશનો પહેલો જાહેર પાર્ક છે. તેમાં પ્રાણી સંગ્રહાલય, કલા અને ઈતિહાસ સંગ્રહાલયો અને મંદિરો છે. અમે આખા પાર્કમાં સુંદર ચેરી બ્લોસમ પણ જોયા. અહીં ઝરમર ઝરમર વરસાદ ચાલુ જ હતો . હારબંધ ગોઠવાયેલા ચેરી બ્લોસમ જાણે કોઈ પરીની વાર્તા જેવા લાગતા હતા . પાણીથી ભીંજાયેલા એ પુષ્પો અમને લળી લળી ને આવકારતા હતા .

ત્યારબાદ અમે ટોકિયોની ટૂર લીધી . જેમાં અમને શાહી મહેલ જોવા મળ્યો જે જાપાનના સમ્રાટનું નિવાસસ્થાન છે . આ મહેલ ૧૮૬૯ માં બનાવવામાં આવ્યો હતો . બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન આ મહેલ નાશ પામ્યો હતો . તેને ફરી બનાવવામાં આવ્યો છે . નવા વર્ષની ઉજવણી સમયે અને સમ્રાટના જન્મદિવસ દરમિયાન આ મહેલ મુખ્ય ભૂમિકા ભજવે છે જયાં જનતાને મહેલની બાલ્કનીમાંથી શાહી પરિવારનું સ્વાગત કરવા માટે આમંત્રિત કરવામાં આવે છે.

અમે એક ડાયેટ બિલ્ડિંગ પાસેથી પણ પસાર થયા, જેને રાષ્ટ્રીય ડાયેટ તરીકે ઓળખવામાં આવે છે જેમાં પ્રતિનિધિઓ અને કાઉન્સિલરોનું ગૃહ હોય છે. તે જાપાનના લોકશાહીનું એક મહત્વપૂર્ણ પ્રતીક છે. તે તે સ્થાન છે જ્યાં રાષ્ટ્રીય કાયદાઓ પર ચર્ચા થાય છે અને પસાર થાય છે, બજેટ મંજૂર થાય છે અને વડા પ્રધાનની પસંદગી થાય છે.

અમે મેગેનાબાશી પુલ પરથી પસાર થયા , જેનો અર્થ સ્પેક્ટેકલ્સ પુલ થાય છે, કારણ કે તેની કમાનો પાણીમાં ચશ્માની જેમ પ્રતિબિંબિત થાય છે. તે એક મોહક પથ્થરનો પુલ છે. મહેલની સામે મોટને પાર કરતો બીજો પુલ નિજુબાશી છે, જેને ડબલ બ્રિજ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેને ડબલ બ્રિજ કહેવામાં આવે છે કારણ કે તે દૂરથી ઢંકાયેલો દેખાય છે. તે વાસ્તવમાં બે પુલ છે, એક આગળ પથ્થરનો પુલ છે અને તેની પાછળ એક સ્ટીલનો પુલ છે.

અમે ટોકિયો સ્ટેશન પર ફોટો પડાવવા માટે રોકાયા, જે જાપાનના સૌથી વ્યસ્ત અને સૌથી પ્રતિષ્ઠિત પરિવહન કેન્દ્રોમાંનું એક છે. તે શાહી મહેલ અને ગિન્ઝા જિલ્લાની નજીક છે. તે ટોકિયોમાં મુખ્ય રેલ્વે સ્ટેશન તરીકે સેવા આપે છે. તે જાપાનના વ્યાપક રેલ નેટવર્કનું કેન્દ્રબિંદુ છે, જેમાં શિંકનસેન (બુલેટ ટ્રેન), સ્થાનિક ટ્રેનો અને ટોકિયો મેટ્રોનો સમાવેશ થાય છે.

તે ૧૯૧૪ માં ખોલવામાં આવ્યું હતું. તે એક સુંદર અને વિશિષ્ટ લાલ ઈંટની ઈમારત છે. ૨૦૧૨ માં વ્યાપક નવીનીકરણ પછી તેને પુનઃસ્થાપિત કરવામાં આવ્યું હતું.

અમે બિસ્ટ્રો રેસ્ટોરન્ટમાં બપોરનું ભોજન કર્યું.

બપોરના ભોજન પછી અમે આસાકુસા મંદિરની મુલાકાત લીધી. તે એક પ્રાચીન બૌદ્ધ મંદિર છે. આ મંદિર બોધિસત્વ કાનનને સમર્પિત છે. દંતકથા અનુસાર, બે માછીમાર ભાઈઓ દ્વારા સુમિદા નદીમાં કાનનની પ્રતિમા મળી આવી હતી. તેમના ગામના વડાએ તેને પવિત્ર માન્યું અને ૬૪૫ એડીમાં એક નાનું મંદિર બનાવ્યું. તે બીજા વિશ્વયુદ્ધમાં નાશ પામ્યું અને ૧૯૫૧-૧૯૫૮માં ફરીથી બનાવવામાં આવ્યું.

ત્યારબાદ અમે સ્કાય ટ્રી ટાવરની મુલાકાત લીધી. તે જાપાનનું સૌથી ઊંચું અને પૂર્ણ થવાના સમયે વિશ્વનું બીજું સૌથી ઊંચું બાંધકામ છે. તે ૬૩૪ મીટર (૨,૦૮૦ ફૂટ) ઊંચું છે. સ્કાયટ્રી એક ટેલિવિઝન બ્રોડકાસ્ટિંગ ટાવર છે. અમે ૩૫૦ મીટર પર ઓબ્ઝર્વેશન ડેક પર ગયા. પરંતુ વરસાદને કારણે અમે ટોકિયો અથવા માઉન્ટ ફુજીનો નજારો જોઈ શક્યા નહીં.

છેલ્લે, અમે ચેરી બ્લોસમ માટે ચિડોરીગાફુચી પાર્કની મુલાકાત લીધી. તે શાહી મહેલ મોટના ૭૦૦ મીટરના પટ પર આવેલું છે. તે શાહી મહેલની આસપાસના બાર ખાઈઓમાંનો એક છે. તેમાં ગુલાબી અને સફેદ ચેરી બ્લોસમનો અદભુત છત્ર હતો. તે ઠંડો અને વરસાદી દિવસ હતો પરંતુ સાંજે લાઈટ્સ સાથે સુંદર ચેરી બ્લોસમ જોવાની અમને ખૂબ મજા આવી. લાઈટ્સ અને ફૂલોનો સંગમ એક મનમોહક દ્રશ્ય ઉભું કરે છે. જાપાને ટેક્નોલોજીનો ઉપયોગ કરી કુદરતી ચેરી બ્લોસમને એક માનવીય સુંદરતા પણ બક્ષી છે. ચેરી બ્લોસમ ટૂર દરમ્યાન ફ્લમિન્ગોની ૨૬ ટૂર ખાલી જાપાનમાં હતી. જેથી જાપાનમાં વધારે ભારતીય દેખાતા હતા, જાપાનીઝ કરતા!

રાતે મોહનમાં રાત્રિભોજન કર્યું

સપના વિજાપુરા

## ભારતનું ઓપરેશન સિંદૂરઃ૯ આતંકી ઠેકાણા તારાજ, ગાંધીનગરમાં ખુશીનો માહોલ

પહેલગામ આતંકવાદી હુમલાના ૧૫ દિવસ બાદ ભારતે મંગળવારે રાત્રે ૧:૪૪ વાગ્યે મોટી કાર્યવાહી કરી. ભારતીય સશસ્ત્ર દળોએ 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાનમાં એર સ્ટ્રાઈક કરી છે. સૈન્યએ પાકિસ્તાનના પંજાબના બહાવલપુરના અહમદપુર અને મુરીદકે વિસ્તારમાં હુમલો કર્યો. સાથે જ પાકિસ્તાન કબજે કરાયેલા જમ્મુ-કાશ્મીર (પીઓકે)ના બાગ, મુઝફ્ફરાબાદ અને કોટલીમાં આતંકી ઠેકાણાઓને નિશાન બનાવ્યા. આ કાર્યવાહીમાં કુલ ૯ આતંકવાદી ઠેકાણાઓનો સફાયો કરવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં આ કાર્યવાહીને લઈને ખુશીનો માહોલ છવાયો છે. રાયસણના રહેવાસી મગનભાઈ પટેલે જણાવ્યું કે ભારત દ્વારા કરવામાં આવેલી એર સ્ટ્રાઈક યોગ્ય પગલું છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન વારંવાર સમજાવવા છતાં આતંકવાદી પ્રવૃત્તિઓ ચાલુ રાખે છે. પાકિસ્તાની સેના પણ આતંકવાદીઓને મદદ કરે છે. આ કારણે ભારતની સુરક્ષા જોખમમાં મુકાય છે.

## હાજીપુરગામની સીમમાં દારૂના કટિંગના સ્થળ પર દરોડો, એરંડાના ખેતરમાંથી ૬.૫૧ લાખનો મુદ્દામાલ જપ્ત

સાંતેજ પોલીસે હાજીપુરગામની સીમમાં દારૂના કટિંગના સ્થળ પર દરોડો પાડ્યો છે. પોલીસે વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૫૧૬ બોટલ અને બિયર ટીન કબજે કર્યા છે. આ કાર્યવાહીમાં કુલ ૬.૫૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.ગાંધીનગર રેન્જ આઈજી વિરેન્દ્ર યાદવ અને એસપી રવિ તેજા વાસમશેટ્ટીના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી. સાંતેજ પોલીસ સ્ટેશનના પીઆઈ એ સ.આર.મુછાળના સુપરવિઝનમાં પોલીસ ટીમને





બાતમી મળી હતી. બકાજી શંકરજી ઠાકોરના કબ્જાવાળા એરંડાના ખેતરમાં દારૂનું કટિંગ થતું હોવાની માહિતીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો.પોલીસે આ કાર્યવાહી દરમિયાન સંજય ઉર્ફે જોની તલસાજી પરમારની ધરપકડ કરી છે. તે બાપુનગર વિસ્તારમાં રહે છે. આરોપી વિરુદ્ધ અમદાવાદના વિવિધ પોલીસ મથકોમાં અગાઉ ૬ ગુના નોંધાયેલા છે. બકાજી શંકરજી ઠાકોર, મૌલિક બાબુભાઇ રાવળ સહિત ત્રણ આરોપીઓ ફરાર થવામાં સફળ રહ્યા છે.જપ્ત કરાયેલા મુદ્દામાલમાં ૨.૫૧ લાખની કિંમતનો વિદેશી દારૂ, ઈકો ગાડી, એક ટુ વ્હીલર અને મોબાઈલનો સમાવેશ થાય છે. પોલીસે ફરાર આરોપીઓની ધરપકડ માટે તપાસ શરૂ કરી છે.

## કલોલમાં ત્રણ દિવસથી વરસાદનો માહોલ:ખેડૂતોને ઉનાળુ પાકની ચિંતા

કલોલ શહેર અને તાલુકામાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. જોકે, આ વરસાદથી કેરી અને બાજરીના તૈયાર પાકને નુકસાન થવાની ભીતી સેવાઈ રહી છે.

વૈશાખ મહિનામાં લગ્નની સિઝન ચાલી રહી છે. સતત વરસાદને કારણે અનેક લોકોને લગ્ન સ્થળો બદલવાની ફરજ પડી છે. ખેડૂતોને કેરી અને બાજરી સહિતના તૈયાર પાકોને થનારા નુકસાનની ચિંતા સતાવી રહી છે.

આજે વહેલી સવારે કલોલ શહેર અને તાલુકામાં વરસાદ નોંધાયો હતો. ગઈકાલે રાત્રે શહેરમાં વાવાઝોડા સાથે વરસાદ પડ્યો હતો. કલોલ તાલુકાના પાનસર, વડાવસ્વામી, ડીગુચા, ઈસન્ડ, ઓળા સહિતના વિસ્તારોમાં પણ વરસાદ થયો છે. આ રીતે સતત પડી રહેલા વરસાદથી જનજીવન પ્રભાવિત થયું છે.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOGSS NO: 382**
વિષય- મન પસંદ રચના
શીર્ષક- પૂનમ વૈશાખની..
પ્રકાર : પદ્ય - શબ્દો : ૧૭૫

પૂનમ વૈશાખની..
ગુફા મધ્યે નીરખી રહ્યો , સૌમ્ય મૂર્તી બુધ્ધની
આડે પડખે જમણે અંગે, પરમ શાન્તિ પમાડતી.

પંદરસો વર્ષ પૂર્વે , હશે કેવી આ ધન્ય ઘડી
વધાવે જન્મ વૈશાખી પૂનમ,મહામયી! તું ભાવ ધરી.

ચાંદની ખુદ શાતા ઝીલે, પ્રકૃતિ દીસે સુખદાયિની
પૂર્ણ રૂપે વૈશાખી ખીલી , પૂર્ણ સંગ બ્રહ્માંડે રમી.

ત્યાગી ગૃહ તપી ભમી, પુનિત પીપળે આંખો ઢળી
શીતલ વાયુ સુગંધ ઢોળે, પ્રસન્ન ફરી પૂનમ વૈશાખની.

અનંત સુખ રમે મુખે, અનંતો દર્શનના સત્યો લાધી
અનેરી તૃપ્તી, વનકન્યા સુજાતા, ધરે ખીર ભાવે હસી.

સંઘ વિહારથી ઉઠી લહર , બુધ્ધત્વના પંથે દોરે જગત
અહિંસા પ્રેમથી રંગો જીવન, શિલ્પી કોતરે અમૃત વચન.

કુશીનારાનો ચંદ લુહાર, ધરે અંતિમ ભીક્ષા ભગવંતને
ધન્ય વૈશાખી પૂનમ, એંશી વર્ષ, દેવે દીધાં સુખ જગતને.

સુણો અંતિમ બોધ, ''આત્મ દીપ થાવ'' બોલી મીંચ્યા નયન
વરતે જગે આણ ચક્રવર્તી, 'આકાશદીપ' ભાવે વંદે ચરણ.

ગાઉ મહિમા કોનો વધારે, વંદનીય વૈશાખી મહામયી પૂનમ
ના વીસરીશું એ ભાવ દર્શન શિલ્પી,જે કંડાર્યા પ્રભુનાં શયન

રમેશ પટેલ(આકાશદીપ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO :158**
વિષય:મનગમતી રચના
શીર્ષક: હું છું પુસ્તક
પ્રકાર:પદ્ય શબ્દો:૧૦૫

હું છું પુસ્તક મને જાણો તો ખરા,
સ્થાન લીધું મોબાઈલે
દુ:ખ થાય વાંચો તો ખરા!

કબાટમાં કેદખાનામાં પડ્યું અલમારીમાં વેર વિખેર,
સુખ દુ:ખનો બનું સાથી
ધૂળ જરા ખંખેર!

કાગળ ટુકડાનું બનું
સૌનો સેવક બનું,
નથી મારી કાંઈ કમાઈ કરું છું સૌની ભલાઈ!

જિંદગીમાં જ્ઞાન પ્રગટાવું માનવ જીવન મહેકાવું,
માનવને જીવતાં શીખવું વ્યક્તિત્વ પરિચય કરાવું!

જ્ઞાનનો અખૂટ ભંડાર માનવીનું કરું ઘડતર,
જ્ઞાન ગંગાનો સાગર માર્ગદર્શક હું મદદગાર!

મિત્રોની ગરજ સારું એકલવાયું મિટાવું,
ગુણોને વિકસાવું દુર્ગુણોને હટાવવુ!

અંતઃકરણને બનાવું ઉજળું જીવનમાં પરિવર્તન આણું,
'પ્રેમ' પ્યારું તેજ અનોખું જિંદગી સૌની હર્ષાવુ!

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા (સુરેન્દ્રનગર)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 166**
વિષય:- "મનગમતી રચના"
શિર્ષક :-"હું શું કરૂં?"
પ્રકાર :- પદ્ય શબ્દો:- ૧૨૪

તુ મને કહેતી હોય તો હું તને નજર મેળવ્યા કરું,
પણ તુ મુખ જો ફેરવીને ચાલી જાય તો હું શું કરૂં?

તુ મને કહેતી હોય તો હું તારી રાહ જોયા કરું,
પણ તુ મળવાનો વાયદો રોજ તોડે તો હું શું કરુ?

તુ મને કહેતી હોય તો હું તને હદય મેળવ્યા કરૂં,
પણ તુ પ્રેમની જ્યોત ન પ્રગટાવે નહીં તો હું શું કરૂં?

તુ મને કહેતી હો તો હું તારા શબ્દોને સાંભળ્યા કરૂં,
પણ તું સળગતા અંગારા વરસાવ્યા કરે તો હું શું કરૂં?

તુ મને કહેતી હોય તો હું પ્રેમની મહેફિલ સજાવ્યા કરૂં,
પણ તુ ન આવે તો મહફિલમાં રંગત લાવીને હું શું કરૂં?

તુ કહેતી હોય તો હું તારી સુંદરતા વર્ણન લખ્યા કરૂં,
પણ "મુરલી" તુ હદયમાં ન વસે તો લખીને હું શું કરૂં?

રચના:-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS 390***
★વિષય :- મન ગમતી રચના★
★શીર્ષક : - પ્રકૃતિ★
★પ્રકાર :- પદ્ય★. શબ્દો :- ૧૨૯★

શિર્ષક :-પ્રકૃતિ
★★★★★★★★★★★★★
રાતના આંબરમાં તારલા ઝીલે ને,
સાગરની લહરો મનડું ચીરે રે...
હવા ઝૂલે ને પાંદડાં ગાય,
એવી રીતે પ્રકૃતિ મને બોલાવે રે...

વનરાઈની શાંતિમાં છુપ્યા છે રહસ્ય,
નદીની લીલી લહરોમાં વહે છે વાત...
સૂરજની કિરણો ઝીલે પર્વતો,
ધરતીના ગીતો સુણાવે જ્યાં રાત...

ફૂલોની ખુશબૂમાં ભીંજાય મન,
પંખીડાંની ચહેકારી સાંભળે કાન...
મેઘોના ગરજવા સાથે નાચે,
એવી ઋતુઓની છે અનોખી શાન...

ઝરણાના ઝીણા સ્વરો સાથે,
ગુંજે વનમાં મીઠી તાન...
પ્રકૃતિની ગોદમાં છુપાયેલું,
એક અનહદનું છે જ્ઞાન...

સંધ્યાની લાલી છવાય આભમાં,
પંખી ઘરે ચાલ્યા જતા રે...
પવનની લહરો ગાય ગીત,
મનને શાંતિ આપતા રે...

ચાંદની રાતે ઝીલે ધરતી,
તારલાની ઝાંખી ઝલક રે...
નદી કિનારે ઝૂલે ઝાડ,
પ્રકૃતિનો મીઠો મલક રે...

એવી રમ્ય છે ધરતીની શોભા,
જીવનમાં ભરે નવલખ રંગ...
પ્રકૃતિ સાથે જોડાઈ જાવ,
છોડો ના માનવીના તંગ...

ઉર્વી ભટ્ટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SS no..205**
વિષય..મન ગમતી રચના
શીર્ષક...લવ મેરેજ
શબ્દો..૨૦૦ પદ્ય..રચના

સપના માં જોયો છે મે તારો ગુસ્સો
હજી ઓછો નથી થયો મારો જુસ્સો

કેમ કે હું જીવી નહી શકું તારા વગર
હુ તો શુ ફક્ત તારો બાજીગર

આ સાભળી ને મને ન ગણતા લોફર
આતો છે મારા પ્યાર ની ઓફર

તું ન દેખાડતી તારો રૂવાબ
મને ખાત્રી છે કે તારો હા યા ના મા જવાબ

મને હા પાડી ને મોકલ જે કાગળ સાથે કવર

કેમ કે હું શું તારો વિશ્વાસ શી લવર

હું જયાર થી જોવું છું તારા ઝુલ્ફો ની ઘટા
મને યાદ આવી જાય છે
કેટરીના કેફ ની છટા

હું થય જયશ તારો દિવાનો તો રંગીન થય જશે આપણી જવાની

હું તને ગમતો હોય તો હોય તો
કરજે મને ફોન પછી એમ ના કહેતી
કે હમ આપકે હૈ કૌન

તું ના રાખતી તારા ચેહરા નો દમ
મારી સુરતી નથી તારા થી કોય કમ

તું જોય લયશ એકવાર મારો ચેહરો
ખીલી ઊઠશે તારા દિલ માં પ્યાર ની લેહેરો
આ બધું સાંભળી ને મને ન સમજતા શાયર
કેમકે તમને છોડી દવ તેવો નથી કાયર

તમને પામવાં નું એક જ કામ બસ
આજે આ પથીક ને ખબર પડી કે
લવ મેરેજ આનું નામ

પથીક ઊર્ફે વિજયસિંહ બાબુભા ઝાલા ઢવાણા હળવદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 173.**
વિષય- "મનગમતી રચના".
શીર્ષક -" વૈશાખી વરસાદ"
પ્રકાર - પદ્ય. શબ્દો -૭૫.

વૈશાખી સાંજનાં અંબર ગાજે,
અંબર ગાજે, મેઘાડંબર ગાજે!
વૈશાખ ઉચ્ચારમ્ ,મેઘ મલારમ્, બની બહારમ્ જલધારમ્ ,દાદુર ડકારમ્ ,મયુર પુકારમ્ ,તડીતા તારમ્ વિસ્તારમ્!
ગહકે મોર જિંગોરિયા અને વાદળ ગરજે વીજ !
જાણે આતો આવી અષાઢી બીજ!
વૈશાખી સાંજનાં અંબર ગાજે,મેઘાડંબર ગાજે.
માતેલા મોરલાનાં ટૌ'કા બોલે,ધીરી ઢેલડ ડોલે.
ગરવા ગોવાળીયાનાં પાવા વાગે,સૂતી ગોપી જાગે.
પિયુની વાડીઓમાં અમૃત રેલે, પ્રિયા ઝરમર ઝીલે.
ઘરર ઘરર મેઘઘટા,
ગગને ગગને ગરજાટ કરે,
ગુમરી ગુમરી ગરજાટ કરે!

-ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO-195**
વિષયઃ - મનગમતી રચના
શીર્ષકઃ- ખુદને મળવુ
પ્રકાર :- પદ્ય અછાંદસ શબ્દ :- ૮૪

ખભો મળી જાય સારો તો મન મૂકીને રડવું છે,
અંતરના ઊંડા ખૂણે અહમ મૂકીને અડવું છે.

પાંપણ મળી જાય પ્રેમની પીડા લઈને પડવું છે,
એકલતાના ઊંડા કૂવામાં અંતર સાથે લડવું છે.

ઓઢ્યું છે અંધારુ મેં અજવાળામાં જડવું છે,
નયન કહે છે હોઠને તારે તો ખાલી વઢવું છે.

સોબત મળે સારી તો સ્નેહની સોડમાં સડવું છે,
ચકળવકળ ચિત્ત લઈને ચિતા પર મારે ચડવું છે.

જોયા કરવું છે જગતને મારે ક્યાં કોઈને નડવું છે
મીઠું લાગતું પહેલાં 'અમૃત' કોઈક કહે છે કડવું છે.

અમૃત શ્રીમાળી ...મહેસાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- 'મનગમતી રચના'
શીર્ષક :- 'ટેવ છે તમને '
પ્રકાર :- પદ્ય, ગઝલ (શબ્દો :- ૧૧૦)

ઉરની ઊર્મિને આંતરીને, ઊભવાની ટેવ છે તમને,
પ્રિયે ! હદયના ઘાવને, ખરોચવાની ટેવ છે અમને.

અહીં ફૂલોની સૌરભ, વેદના કાંઈ વાગોળતી આવે,
હજુર ! તમને નહીં, હદયનો ઘાવ માર્યો છે અમને.

આ સુંદર
આભાર - નિહારીકા રવિયા વસંતને, ઈશ્કની દવા ન માનશો દોસ્તો.
આ ઘાયલ વસંતના વાયરા, અંતર બાળે છે અમને.

કાતિલ નયન બાણથી, ઘાયલ કરવાની ટેવ છે તમને,
સાજન ! માનો કે ન માનો, માનાવવાની ટેવ છે અમને.

ફૂલોના ગઝરા જેવી ગઝલમાં, ભલે ગમ ન પડે તમને,
અરે યાર ! અધૂરી ગઝલમાં પણ, ગાવાની ટેવ છે અમને.

આ ભગ્ન હદયમાં, મુશાયરો ભરી, બેઠો છું તમારી સામે,
તમે હો કે ન હો, 'સ્વજન' સાથે બેસવાની ટેવ છે અમને.
(કવિ શ્રી યોગેશભાઈ પંડયા 'સ્વજન' જુનાગઢ.)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 215**
વિષય : '' મનગમતી રચના "
શીર્ષક : " હાથમાં હાથ મેં આપીને જોયું "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૬૬.

મેં જાકીને જોયું, મેં વ્યાપીને જોયું,
હૃદયમાં હૃદયને, મેં સ્થાપીને જોયું.

મળશે સંગાથ એમનો, એવું ધારીને,
હાથમાં હાથ એના મેં આપીને જોયું.

વહે છે રગ રગમાં લોહી બનીને એ,
મારી વ્હેતી રગોને, મેં કાપીને જોયું,

ધડકન બનીને એ, ધબકે છે દિલમાં,
મારા હૃદયથી હાથ મેં ચાંપીને જોયું.

આમ તો 'શ્યામ' કેટલો દૂર છે, પણ,
અંતર નથી અંતરથી મેં માપીને જોયું.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

# પાકિસ્તાની આકાશમાં ભારતીય સેનાના સિંદૂરી થાપા...

-ભારતીય સંસ્કૃતિ દેશની પ્રત્યેક નારીમાં ભારત માતાના દર્શન કરવાની રહી છે. પહેલગામમાં આતંકીઓ દ્વારા ભારતીય સ્ત્રીઓના માથેથી ભુસાયેલાં સિંદૂરની લાલાશ પ્રત્યેક ભારતીયની આંખમાં પથરાઈ ગઈ હતી. પહેલગામ હુમલા બાદ નવવિવાહિતાના વિખરાયેલા અરમાન, ઢોળાયેલા સિંદૂરી સપનાઓનો જવાબ ભારતે લેવો જોઈએ એવો આક્રોશપૂર્ણ આક્રાંદ માત્ર મૃતકોના સ્નેહીઓનો જ નહિ પ્રત્યેક ભારતીયનો હતો. ભારતે મધ્યરાત્રે ઓપરેશન ' સિંદૂર ' દ્વારા પ્રત્યેક ભારતીયની પીડા, ક્રોધ અને અપેક્ષાઓને વાચા આપવાનું કામ કર્યું છે. સુહાગણોના ભુસાયેલાં સિંદૂરનો વળતો જવાબ આપી ભારતીય સેના પાકિસ્તાની આકાશમાં સિંદૂરી થાપા મારી પાછી ફરી છે. કાયરતાપૂર્ણ હુમલામાં ભારતીય સ્ત્રીઓની આંખમાં આથમેલો સિંદૂરી સુરજ પાકિસ્તાની સીમાઓમાં ભારતીય વીરતાનો સૂર્યોદય બની ઉગી નીકળ્યો છે.અમારી એરસ્પેસમાં દાખલ થવાની ગુસ્તાખી ભારત કરી બતાવે એવી શેખી મારતી પાકિસ્તાની સરકાર અને સેનાને ઘરમાં ઘુસી એની ઔકાત બતાવી દેવાનું કામ ભારતીય સેનાએ કર્યું છે. પાકિસ્તાનની અંદર સો કિલોમીટર સુધી ઘુસી જઈ નવ જેટલાં આતંકી બેઝ કેમ્પ ઉડાવી દઈ ભારતે પીઠ પાછળ હુમલા કરતાં પાકિસ્તાનને સામી છાતીએ જવાબ વાળ્યો છે. પઠાણકોટ અને ઉરી હુમલા બાદ ભારતે કરેલી સર્જીકલ સ્ટ્રાઈક પછી પણ ' હમ નહિ સુધરેંગે' ની બેવકૂફફી ના કેફમાં રાચતાં પાકિસ્તાનના તાબ્બુતમાં આખરી ખીલો ઠોકવાનું કામ કરનાર સરકાર અને સેનાએ કર્યું છે. દેશના શૌર્ય, સ્વમાન અને સન્માનની રક્ષા કરવાંની સાહસિકતા દાખવનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી અભિનંદનના અધિકારી બન્યા છે. અડધી રાત્રે 'યે નયા ભારત હૈ, ઘરમેં ઘુસકર મારતા હૈ' નો લલકાર પાકિસ્તાની કાનોમાં તેજાબ બની રેડાયો છે. કાશ્મીરને ભારતથી અલગ કરી દેવાના દિવાસ્વપ્નમાં રાચતા અલગાવવાદીઓ ને જમીનથી અલગ કરી જન્નતે ખાકમાં ભેળવી દેવાનું ઑપરેશન સિંદૂર ભારત માતાના કપાળે સેનાએ કરેલું વિજય તિલક છે.ભારતીય તરીકે આપણે સમજવું પડશે કે આ માત્ર શરૂઆત છે. ખિસયાની બિલ્લી ખંભા નોચે એમ પાકિસ્તાન ઉંબડીયા કરવાનું ચુકશે નહિ. આખરે એમણે પણ હાફિજ સૈઈદથી માંડી તમામ આકાઓને મોઢું બતાવવાનું છે. આ સ્થિતિમાં એક નાગરિક તરીકેની ફરજ દરેક ભારતીયએ નિભાવવી પડશે. યુદ્ધ માત્ર સરકાર કે સેના નથી લડતી દેશનો પ્રત્યેક નાગરિક લડતો હોય છે. સોશિયલ મીડિયામાં કોઈપણ વિડીયો, મેસેજ જે પ્રમાણિત ના હોય તે ફોરવર્ડ કરવાથી બચવું. અફવાઓ કે ગેરમાર્ગે દોરતા સમાચારો ભૂલથી પણ ના ફેલાય એનું ધ્યાન રાખવું. કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા અધિકૃત માહીતી પર જ ભરોસો કરવો જેથી બિનજરૂરી પેનિક ના ફેલાય. કોઈપણ એવું કૃત્ય જે દેશમાં નફરત ફેલાવી આંતરિક સુરક્ષાને મુશ્કેલીમાં મુકે તે થતું રોકવું. સરકાર દ્વારા અપાતી માર્ગદર્શિકા મુજબ જ વર્તવું. સેના દેશની સુરક્ષા કરી જ લેશે ગામ -શહેર અને ફળીયાની સુરક્ષા એક નાગરિક તરીકે આપણે કરવી જ રહી. એકસો ચાલીસ કરોડ ભારતીયો એક સાથે વંદે માતરમનો જયઘોષ કરે તો પણ પાકિસ્તાનીઓ ના હૃદય ધડકતા બંધ થઈ જાય એટલી ક્ષમતા ભારતની છે. આ અગાઉ પણ પાકિસ્તાનને ભારતધૂળ ચાટતું કરી ચૂક્યું છે, આ વખતે પણ ભારતીય સેનાની એડીઓ તળે કચડાતું પાકિસ્તાન એના પાપની સજા ભોગવશે. એક હૈ તો સેફ હૈ. જાતિ ધર્મ, પ્રાંત, ભાષાના વાડા તોડી એક ભારત શ્રેષ્ઠ ભારતના વિરાટ દર્શન આખાય વિશ્વને કરાવવાનો સમય છે. આવો, રાજકીય - સામાજિક મતભેદો ભુલી વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના સાહસી નેતૃત્વ અને સેનાના શૌર્યને પોંખીએ.

# ગુજરાત રાજ્ય સિવિલ પ્રોટેક્શન લિગલ સેલમાં નિમણૂંક કરાઈ

ગુજરાત રાજયના માનવાધિકાર પરિષદના પ્રમુખ એવા સૌરભ અરુણભાઈ નાયક સિવિલ પ્રોટેક્શન લિગલ સેલમાં સચિવ તરીકે કેન્દ્ર સરકાર દ્વારા નિમણૂંક કરવામાં આવી છે.



# કલોલ કોર્ટમાં બાર એસોસિએશનનું અનોખું પગલું:ગરમીમાં રાહત માટે નિઃશુલ્ક છાશ વિતરણ કેન્દ્ર શરૂ






કલોલ દિવાની અને ફોજદારી કોર્ટમાં આવતા લોકોને ઉનાળાની ગરમીથી રાહત આપવા માટે એક અનોખી પહેલ કરવામાં આવી છે. કલોલ બાર એસોસિએશન દ્વારા કોર્ટ પરિસરમાં નિઃશુલ્ક છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે.કલોલ બાર એસોસિએશનના પ્રમુખ રાજુભાઈ પટેલના જણાવ્યા અનુસાર, આ સેવા દર વર્ષે નિયમિત રીતે આપવામાં આવે છે. કોર્ટમાં આવતા પક્ષકારો અને અન્ય મુલાકાતીઓને ગરમીથી રાહત મળી રહે તે હેતુથી આ સેવા શરૂ કરવામાં આવી છે. છાશ વિતરણ કેન્દ્રનું સંચાલન એડવોકેટ એસોસિએશનના સભ્યો દ્વારા કરવામાં આવે છે. વિવિધ દાતાઓના સહયોગથી મળેલા ફાળા દ્વારા આ સેવા નિઃશુલ્ક ધોરણે ચલાવવામાં આવી રહી છે

## સાબરકાંઠામાં જિલ્લા પ્રભારી મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ

સાબરકાંઠા જિલ્લામાં ઉદ્યોગ,લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ કુટીર, ખાદી અને ગ્રામ ઉદ્યોગ,નાગરિક ઉડ્ડયન શ્રમ અને રોજગાર અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં કલેકટર કચેરી સભાખંડ ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઇ હતી.



આ બેઠકમાં પ્રભારીમંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે ઓપરેશન સિંદૂર માટે અભિનંદન પાઠવ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા આયોજન કાર્યક્રમની ૧૫ ટકા વિવેકાધીન જોગવાઈ, ૫ ટકા પ્રોત્સાહક જોગવાઈ તથા નગરપાલિકા વિવેકાધીન જોગવાઈ વર્ષ ૨૦૨૫-૨૬નું આયોજન મંજૂર કરવામાં આવ્યું હતું. અને ખાસ પ્લાન (બક્ષીપંચ)નું આયોજન રજૂ કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૨૫-૨૬ માં સાબરકાંઠાના વિકેન્દ્રિત જિલ્લા આયોજનની વિવિધ જોગવાઇ પૈકી ૧૫% વિવેકાધીન જોગવાઇ હેઠળ ૬૪૫ કામો માટે રૂ.૧૦૧૫ લાખ, ૫ ટકા પ્રોત્સાહક જોગવાઈ અંતર્ગત ૨૦ કામો માટે રૂ.૩૨.૫૦ લાખ, ખાસ પ્લાન (બક્ષીપંચ) યોજના અંતર્ગત ૧૦ કામો માટે ૨૩.૫૦ લાખ, જિલ્લાની નગરપાલિકાઓના ૧૮ કામો માટે ૧૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. આ ઉપરાંત સસંદસભ્ય અને ધારાસભ્ય ગ્રાન્ટની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે જિલ્લાના મંજૂર થયેલા પ્રજાલક્ષી વિકાસ કામો ઝડપથી પૂર્ણ કરવા અને કામોના પ્રગતિ અહેવાલ સમયાંતરે જિલ્લા કલેક્ટરશ્રીને મોકલી આપવાનું રહેશે. તેમજ તેની જાણ પ્રભારી મંત્રીશ્રીને કરવાની રહેશે. જિલ્લાના અધિકારીશ્રીઓએ વિકાસના કામો કયા સ્ટેજે છે અને કેટલી પ્રગતિ થઈ તેનો રિપોર્ટ પ્રભારી મંત્રીશ્રીને સમયમર્યાદામાં મોકલી આપવા જણાવ્યું હતું. વિકાસના કામો ઝડપથી પૂર્ણ થાય અને લોકોની સુખાકારીમાં વધારો થાય તે જોવા ઉપર ભાર મૂક્યો હતો.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભારતીબેન પટેલ, સાંસદશ્રી શોભનાબેન બારૈયા,સાંસદશ્રી રમીલાબેન બારા, હિંમતનગર ધારાસભ્યશ્રી વી ડી ઝાલા, પ્રાંતિજ ધારાસભ્યશ્રી ગજેન્દ્રસિંહ પરમાર તથા તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ અને ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ ઉપસ્થિત રહીને રચનાત્મક સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરા, અધિક કલેક્ટરશ્રી રોહિત ડોડીયા, નિવાસી અધિક કલેક્ટરશ્રી ક્રિષ્ના વાઘેલા, જિલ્લા આયોજન અધિકારીશ્રી સહિત જિલ્લાના સંબંધીત વિભાગના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## 'ઘટમાં ઘોડા થનગને આત્મવિંઝે પાંખ, અણદિઠેલી ભોમ પર યૌવન માંડે આંખ'

કિશોરાવસ્થાને પૂર્ણ કરી યુવાનીના ઉંમરે પગ મુકનારા વિદ્યાર્થીઓની એવી ઈચ્છા હોય કે તેઓ ઊંચાઈને સર કરે. અને તે માટેની શરૂઆત થાય ધોરણ ૧૨ થી જ. એક તરફ માતા-પિતા પોતાના બાળકને ઉચ્ચ અને શ્રેષ્ઠ શિક્ષણ આપવા માટે દિવસ રાત એક કરી તેમની સાથે રહી તેમને સહાયરૂપ બને છે. તો બીજી બાજુ માતા-પિતાથી દૂર રહીને પણ પોતાના ધ્યેય સુધી પહોંચવા વિદ્યાર્થી જાતે ઝઝૂમતો રહે છે. બાયડથી ગાંધીનગરમાં આવી ગર્લ્સ હોસ્ટેલમાં રહીને ગુરુકુળમાં અભ્યાસ કરતી જાનકી શાહનું કહેવું છે કે શાળાના શિક્ષણ પર



જો પૂરતું ધ્યાન આપવામાં આવે અને શિક્ષકોનું યોગ્ય માર્ગદર્શન મળી રહે તો ચોક્કસ સફળતા મેળવી શકાય છે.

એ વાતથી વિદિત છીએ કે ગુજરાત બોર્ડની ધોરણ-૧૨ની પરીક્ષાનું ઓનલાઈન પરિણામ જાહેર થઈ ગયું છે. બોર્ડમાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૩.૭ ટકા નોંધાયું છે. ત્યારે સ્વામિનારાયણ ગુરુકુળ સેક્ટર-૨૩, ગાંધીનગરમાં અભ્યાસ કરતી જાનકી શાહએ એક નવી ઓળખ ઊભી કરી છે. તેના જણાવ્યા મુજબ પોતાના સ્વજનોથી દૂર રહીને ગુરુકુળના પરિવારને પોતાનો પરિવાર ગણી, તેમના માર્ગદર્શન અનુસાર મહેનતથી ૯૮.૭૩ પર્સન્ટાઈલ સાથે છ૭-૧ ગ્રેડ મેળવી શકી છું. પોતાની સફળતાના શ્રેય માટે માતા-પિતા, સંસ્થાના ટ્રસ્ટી શ્રી રામકૃષ્ણ દાસજી સ્વામી તેમજ સૌ ગુરુજનોનો ખૂબ આભાર માને છે. પોતાના અભ્યાસમાં સ.મ.છ૭. કર્યા પછી ભારતની ઈકોનોમીનો ભાગ બની દેશ અને સમાજની સેવા કરવાની ઈચ્છા ધરાવે છે. પોતાની સાથે અન્ય છ૭-૨ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓ માટે પણ ગુરુકુળ પરિવારનો આભાર માને છે. જાનકી ના કહેવા પ્રમાણે 'શિક્ષણ એ માત્ર પાઠ્યપુસ્તકો સુધી સીમિત નથી, તે જીવન જીવવાની કળા છે.' વળી, ગુરુકુળનું શિક્ષણ સંસ્થા બાળકોને આધુનિક જ્ઞાન સાથે સંસ્કાર, શિસ્ત અને નૈતિક મૂલ્યો આપી વિદ્યાર્થીનું ઘડતર કરે છે.

## સાબરકાંઠામાં જિલ્લા પ્રભારી મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે હિંમતનગર ખાતે સાંસદ ક્રિકેટ ટુર્નામિન્ટનો શુભારંભ કરાવ્યો

સાબરકાંઠા જિલ્લામાં ઉદ્યોગ,લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ કુટીર, ખાદી અને ગ્રામ ઉદ્યોગ,નાગરિક ઉડ્ડયન શ્રમ અને રોજગાર અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે ધ ગેલેક્સી સ્પોર્ટસ ક્લબ ક્રિકેટ ગ્રાઉન્ડ હિંમતનગર ખાતેસાબરકાંઠા-અરવલ્લી ક્રિકેટ એસોસિયેશન દ્વારા આયોજીત સાંસદ ક્રિકેટ ટુર્નામિન્ટનો શુભારંભ કરાવ્યો હતો.

સાબરકાંઠા-અરવલ્લીના ક્રિકેટ પ્રેમીઓ તેમજ યુવાનો માટે સાબરકાંઠા-અરવલ્લી ક્રિકેટ એસોસીયેશન દ્વારા સૌ પ્રથમ વખત સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થઈ રહ્યું છે. જેનું પ્રભારી મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે ઉદ્ઘાટન કરાવી રમતવીરોમાં ઉત્સાહ વધાર્યો હતો.

આ ઉદ્ઘાટન સમારોહમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભારતીબેન પટેલ, સાંસદશ્રી શોભનાબેન બારૈયા,સાંસદશ્રી રમીલાબેન બારા, હિંમતનગર ધારાસભ્યશ્રી વી ડી ઝાલા, પ્રાંતિજ ધારાસભ્યશ્રી ગજેન્દ્રસિંહ પરમાર, અગ્રણીશ્રી કનુભાઈ પટેલ,અગ્રણીશ્રી સિદ્ધાર્થભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી ગુજરાતી બાજ ખેડાવાળ જ્ઞાતિ સમાજ ચેન્નઈ

ચેન્નઈ મહાનગરમાં ૪૨૫ થી વધુ કુટુંબો ખેડા જિલ્લાના છેલ્લા ૧૦૦ એક વર્ષોથી સ્થાયી થયેલ છે અને અનેક વિવિધ ક્ષેત્રે સેવાના કાર્ય કરેલ છે તારીખ ૩ અને ૪ મે૨૦૨૫ ના રોજ સી યુ શાહ હોલમાં ૬૫ વરસથી વધુ ઉંમરના માટે સામૂહિક આયુષ પૂજા હવન તથા સમૂહ યજ્ઞ પવિત્ર નો ભવ્ય અને દિવ્ય પણે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો કુલ ૧૨૫ થી વધુ જ્ઞાતિજનોએ આયુષ પૂજામાં ભાગ લીધો હતો અને સમુ જનોઈ (યજ્ઞ પવિત્ર) માં ૧૬ બટુકોએ ભાગ લીધો હતો આણંદના શ્રી યજ્ઞેશભાઈ ઠાકર આચાર્ય પદે આ બંને કાર્ય પૂર્ણ વિધિ વિધાન અનુસાર થયેલ જ્ઞાતિજનોએ ઉદાર દીલે ફાળો આપીને લગભગ ૧૭૦૦ થી વધુ સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળતાના શિખરે પહોંચાડ્યો હતો સમાજના પ્રમુખશ્રી બીજલભાઈ બી ડોળીયા અને મંત્રીઓ શ્રી મનોજભાઈ વી શુક્લા તથા શ્રી સ્વપ્નિલભાઈ આર વ્યાસ ઉપરાંત ટૃસટી ઓ સમાજની સહયોગી સંસ્થાઓ તથા અન્ય મહા અનુભવો એ કાર્યક્રમને નિહાળી પ્રશંસાઓને ફૂલો વર્ષાવ્યા હતા. આ પ્રસંગે રાગ ગરબા નું પણ આયોજન કરવામાં આવેલ કાર્યક્રમના અંતે સંચાલકોએ જ્ઞાતિજનોનો અને દાનવીરોનો તથા ભાગ લેનાર બટુ કોનો અને આયુષ પૂજામાં ભાગ લેનાર સર્વને હૃદય પૂર્વક આભાર માન્યો હતો

## ગાંધીનગરની SMVS હોસ્પિટલ સાથે એક કરોડથી વધુની ઠગાઈ, સ્ટોર્સ ઈન્ચાર્જ સહિતના ચાર વિરુદ્ધ ગુનો દાખલ




ગાંધીનગરના કુડાસણ સ્થિત S.M.V.S સ્વામીનારાયણ હોસ્પિટલના જનરલ સ્ટોર્સનાં ઈન્ચાર્જ પ્રણવ વસંતભાઈ ભીમાણીએ તેના સસરા સહિત ચાર જણાએ કન્ઝ્યુમેબલ પ્રોડકટની ખરીદીના બીલો મૂકીને રૂ. ૧ કરોડ ૮૪ હજારથી વધુની ઠગાઈ આચરવામાં આવતા ઈન્ફોસિટી પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.ગાંધીનગરનાં કુડાસણમાં આવેલ SMVS સ્વામીનારાયણ હોસ્પીટલના એડ્મિનિસ્ટ્રેશન યુનિટ હેડ રાજદીપસિંહ લિંબોલાએ સમગ્ર મામલે ફરિયાદ નોંધાવી છે કે, હોસ્પિટલના અલગ અલગ વિભાગો પૈકીના જનરલ સ્ટોરમાં પ્રણવ વસંતભાઈ ભીમાણી ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવે છે. જેનું કામ કન્ઝયુમેબલ પ્રોડક્ટ્સ સહીતની વસ્તુની ખરીદી કરી સ્ટોક રજીસ્ટરે ચડાવી બિલોની ચુકવણી કરાવવાની હોય છે.માર્ચ ૨૦૨૫ માં હોસ્પીટલના ડિરેક્ટર કલ્પેશભાઇ સોની દ્વારા બીલોના વેરિફિકેશન કરાયા હતા. જેમાં એસ.કે. એન્ટરપ્રાઇઝ નામની કંપનીમાંથી આવેલ કુલ ૩૫ બીલો અંગે રજીસ્ટરમાં એન્ટ્રી નહોતી. અને કોઈપણ પ્રોડક્ટ્સ હોસ્પિટલમાં આવ્યા વિના રૂ. ૧૫,૩૫,૭૩૩ ની અલગ-અલગ કન્ઝ્યુમેબલ પ્રોડકટના ઓર્ડર પેટે રૂ. ૧૧.૮૫ લાખ ઉક્ત કંપનીને ચૂકવી દેવાયા હોવાનું સામે આવ્યું હતું. જે અંગે વધુ તપાસ કરતા એસ. કે. એન્ટરપ્રાઈઝ નામે બોગસ કંપની પ્રણવ વસંતભાઈ ભીમાણી અને તેના સસરા સુરેશભાઈ કુરજીભાઈ ચૌહાણ ચૌહાણે ઉભી કરી નાણાં ટ્રાન્સફર કર્યા હતા.જેનાં પગલે અન્ય બીલોની ચકાસણી દરમ્યાન સેન્ટ્રલ સર્જીહબ નામની કંપનીના બિલો પણ શંકાસ્પદ હતા. જેનાં બિલ મુજબની મોટાભાગની પ્રોડક્ટ હોસ્પીટલના જનરલ સ્ટોર રજીસ્ટરમાં ચડેલ ન હતી. પરંતુ બિલ મુજબના નાણાં હોસ્પીટલના બેન્ક એકાઉન્ટમાંથી ચુકવી દેવાયા હતા. અને આ કંપની હોસ્પિટલના પૂર્વ કર્મચારી રાજેન્દ્રભાઇ દિનેશચંદ્ર રાવલ અને તેના ભાગીદાર આનંદભાઇ દેવરાજભાઈ ચૌધરી નામે રજિસ્ટર હતી.આ કંપનીને પણ ખોટા બીલો પેટે રૂ. ૫,૯૩,૫૪૮ નું ચુકવણું કરી દેવાયું હતું. આમ વર્ષ - ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૫ દરમ્યાન અલગ-અલગ કંપનીઓની પ્રોડક્ટ હોસ્પીટલમાં આવેલ નહીં હોવા ઉપરાંત રજીસ્ટરે નોંધણી વિના જ સ્ટોર ઈન્ચાર્જ પ્રણવ ભીમાણીએ ખોટા ઓર્ડરો આપીને રૂ. ૧ કરોડ ૮૪ હજારથી વધુની ઠગાઈ આચરવામાં આવતા ઈન્ફોસિટી પોલીસે ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કલોલમાં ૧૯ મિમી અને ગાંધીનગરમાં ૩ મિમી વરસાદ, વાવોલમાં અઢી કલાક વીજળી ગુલ



ગાંધીનગર જિલ્લામાં સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે વાતાવરણમાં નોંધપાત્ર પલટો આવ્યો છે. સોમવારે સાંજથી શરૂ થયેલો વરસાદ બુધવાર સવાર સુધી યથાવત રહ્યો છે.માણસા તાલુકામાં સૌથી વધુ ૩૭ મિમી વરસાદ નોંધાયો છે. બુધવારે સવારે કલોલમાં ૧૯ મિમી અને ગાંધીનગરમાં ૩ મિમી વરસાદ વરસ્યો છે. સોમવારે રાત્રે મીનીવાવાઝોડા અને વરસાદના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં અંધારપટ છવાયો હતો. વાવોલ વિસ્તારમાં અઢી કલાક સુધી વીજળી ગુલ રહી હતી. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ધૂળની ડમરી અને વીજળીના કડાકા સાથે વરસાદ તૂટી પડ્યો હતો. મંગળવારે દિવસ દરમિયાન ધૂપ-છાંવ વાળું વાતાવરણ રહ્યું હતું.હાલમાં ગાંધીનગરમાં ભર ઉનાળામાં અષાઢી માહોલ જામ્યો છે. વાદળછાયા વાતાવરણને કારણે વિઝિબિલિટી ઘટી ગઈ છે. હવામાન વિભાગ મુજબ ૭૩ ટકા ભેજની શક્યતા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.